# વિભાગ-16 તબીબી

(21)

## સરકારી કર્મચારીઓ તથા અધિકારીઓના ખાસ કિસ્સામાં તબીબી સારવારના ખર્ચને મજરે આપવા બાબતની સૂચનાઓ અંગે

ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ, પરિપત્રકમાંક : એમએજી-2000-262-અ
સચિવાલય, ગાંધીનગર, તા. 1-4-2000

*વંચાણે લીધા : (1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : ટીબીએસ-5187-યુઓ-829-પીઆર, તા. 24-2-'88.*
*(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પીઈએન-1969-જ, તા. 19-1-'87.*

પરિપત્ર :

ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો 1988 તથા તે અંગેના આનુસંગિક ઠરાવો અન્વયે રાજ્ય સરકારના કર્મચારીઓ, અધિકારીઓ, પેન્શનરો તથા તેનાં કુટુંબીજનોની તબીબી સારવાર અને તેના ખર્ચના રિએમ્બર્સમેન્ટ માટે નિયમો સુનિશ્ચિત કરવામાં આવ્યા છે. સરકારી/સરકારશ્રી દ્વારા અધિકૃત હૉસ્પિટલો/ દવાખાનાંમાં હૃદયરોગ, કેન્સર, કિડની, મગજની બીમારી જેવા રોગોની સારવારની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ હોવા છતાં રિએમ્બર્સમેન્ટ માટે માન્યતા આપવામાં આવી ન હોય તેવી રાજ્યની અંદર કે રાજ્યની બહાર આવેલી હૉસ્પિટલ/ખાનગી દવાખાનામાં સારવાર મેળવી થયેલ ખર્ચને ખાસ કિસ્સામાં મંજૂર કરવા માટે આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગની મંજૂરી અર્થે રજૂ કરવામાં આવે છે. નાણાં વિભાગના તા. 24-2-'88ના ઠરાવથી તબીબી સારવાર અંગે થયેલ ખર્ચનાં નાણાં મંજૂર કરવા બાબતે ચોક્કસ કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો 1988ના નિયમ 10 અને 11ની જોગવાઈ મુજબ દરેક કર્મચારી, અધિકારીએ તેમનો ક્લેમ તેમના નિયંત્રણઅધિકારી સમક્ષ અનુસૂચિ-1માં સારવાર પૂરી થયાના 6 માસની અંદર રજૂ કરવાનો હોય છે, અને જો ખાસ કિસ્સામાં મંજૂરી મેળવવાની હોય તો સંબંધિત વહીવટી વિભાગ મારફતે આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગને દરખાસ્ત રજૂ કરવાની હોય છે. સંબંધિત વહીવટી વિભાગે પણ કેસની ગુણવત્તાની પ્રસ્થાપિત નિયમોના પરિપ્રેક્ષ્યમાં ચકાસણી કરીને ઉચિત જણાય તો અભિપ્રાય સાથેની દરખાસ્ત આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગના અભિપ્રાય / મંજૂરી અર્થે નિયત સમયમર્યાદામાં રજૂ કરવાની રહે છે.

વિભાગના ધ્યાન પર આવ્યું છે કે પ્રસ્થાપિત નિયમો મુજબ તબીબી સારવાર પેટે થયેલ ખર્ચનાં નાણાં મજરે આપવાં અંગેની રજૂઆતો વહીવટી વિભાગને કરવાના બદલે સીધેસીધી આ વિભાગને મોકલવામાં આવે છે. પરિણામે કર્મચારીઓ, પેન્શનરો તરફથી આ વિભાગને સીધી કરવામાં આવેલી રજૂઆતો કર્મચારી, પેન્શનરના સંબંધિત વહીવટી વિભાગને મોકલવાના પ્રસંગો ઊભા થાય છે. અને આ પ્રક્રિયા સતત ચાલુ રહેતી હોઇ વિભાગના કાર્યભારણમાં વધારો થાય છે, તેમ જ કામના નિકાલમાં પણ વિલંબ થાય છે. આથી આવી પરિસ્થિતિ નિવારવા તથા વહીવટી એકસૂત્રતા જળવાઈ રહે તે દૃષ્ટિએ નીચેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે :

(1) સચિવાલયના વહીવટી વિભાગોએ તેમના નિયંત્રણ હેઠળની કચેરીઓને સૂચનાઓ આપવી કે કોઈપણ કર્મચારી, અધિકારીએ તબીબી સારવાર પાછળ થયેલ ખર્ચ મજરે આપવાની રજૂઆતો આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગને સીધેસીધી રજૂ કરવાની રહેશે નહિ.

(2) સચિવાલયના વિભાગો હસ્તકનાં સર્વે ખાતાંના વડા / કચેરીને મળેલી રજૂઆતો સંબંધિત ખાતાના વડા/કચેરીએ તેમના વહીવટી વિભાગને પ્રથમ મોકલવાની રહેશે. વહીવટી વિભાગે તેમને મળેલ આવી રજૂઆતોની ચકાસણી તબીબી સારવારના પ્રસ્થાપિત નિયમોના પરિપ્રેક્ષ્યમાં રહીને કરવાની રહેશે તેમ જ ગુણવત્તાની દૃષ્ટિએ ઉચિત જણાય તો જ ખાસ કિસ્સાની મંજૂરીનાં સબળ કારણો સાથેની

દરખાસ્ત વિભાગના સચિવશ્રીની કક્ષાથી નીચેની કક્ષાના નહિ તેવા અધિકારીની ભલામણ સાથેની દરખાસ્ત આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગને ફાઇલ ઉપર અવિધિસર નોંધથી મોકલવાની રહેશે.

(3) પેન્શનરોના કિસ્સામાં આવી ખાસ પ્રકારની મંજૂરી માટેની રજૂઆતો બાબતે નાણાં વિભાગના તા. 7-4-'69ના ઠરાવ મુજબ સંબંધિત વહીવટી વિભાગે પ્રવર્તમાન નિયમોના પરિપ્રેક્ષ્યમાં ખાસ કિસ્સાની રજૂઆત ચકાસી આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગને દરખાસ્ત કરવાની રહેશે.

(4) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગને ખાસ કિસ્સામાં દરખાસ્ત કરતાં પહેલાં આ સાથે જોડેલ ચેકલિસ્ટમાં દર્શાવેલા મુદ્દાઓની વિગત સાથે અત્રે દરખાસ્ત કરવાની રહેશે.

2. સરકારી કર્મચારીઓ, પેન્શનરો તરફથી કમિશનરશ્રી આરોગ્ય સેવાઓ, ગાંધીનગરને સીધેસીધી કરવામાં આવતી રજૂઆતો કે જે-તે કચેરીના ક્ષેત્રાધિકારમાં આવતી ન હોય તેવી તમામ રજૂઆતો કમિશનર કચેરીએ જે-તે કર્મચારીના સંબંધિત વહીવટી વિભાગને તથા પેન્શનરના કિસ્સામાં નિયામકશ્રી, હિસાબ અને તિજોરીકચેરીને મોકલવાની રહેશે.

3. માનનીય મંત્રીશ્રીઓના કાર્યાલયને મળતી આવી પ્રત્યેક રજૂઆત જે-તે કર્મચારી, અધિકારીના વહીવટી વિભાગને સંબંધિત મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી/અંગત મદદનીશોએ મોકલવાની રહેશે.

આ પરિપત્ર આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાકીય સલાહકારશ્રીની તા. 19-2-2000 ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

સહી, જે. એલ. પટેલ
ઉપસચિવ, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ

***આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગના પરિપત્રક્રમાંક : એમએજી-2000-262-અ, તા. 1-4-2000 ના પરિપત્રનું બિડાણ-ચેકલિસ્ટ***

કર્મચારીનું નામ : હોદ્દો :

શાળાનું નામ : સારવારની વિગત

(1) નિયમ 1(4) હેઠળ તબીબી સારવારના નિયમો આ કિસ્સામાં લાગુ પડે છે કે કેમ ?

(2) નિયમ 2(2) હેઠળ અરજદાર કર્મચારી કુટુંબના સભ્ય કુટુંબની વ્યાખ્યામાં આવે છે કે કેમ ?

(3) નિયમ 5 હેઠળ કર્મચારીના મુખ્ય મથકે સરકારી હોસ્પિટલ / દવાખાનું ઉપલબ્ધ હોય તેમ છતાં જિલ્લાની અંદરની અન્ય હોસ્પિટલમાં સારવાર લેવા માટે અધિકૃત ચિકિત્સકની ભલામણ કે અધિક નિયામકશ્રી (તબીબી સેવાઓ) ગાંધીનગરની પૂર્વમંજૂરી મેળવેલ છે કે કેમ ?

(4) નિયમ 8(1)(ગ) હેઠળ રાજ્ય બહારની હોસ્પિટલમાં સારવાર લેતાં પહેલાં અધિકૃત ચિકિત્સકની ભલામણ તથા અધિક નિયામકશ્રી (તબીબી)ની પૂર્વમંજૂરી મેળવવામાં આવી છે કે કેમ ? જો ના, તો ઇમરજન્સીમાં રાજ્ય બહારની હોસ્પિટલમાં સારવાર લેવાનાં સબળ કારણો

(5) નિયમ 10 હેઠળ અનુસૂચિ-1માં ક્લેમ રજૂ કરેલ છે કે કેમ ?

(6) નિયમ 11 હેઠળ ક્લેમ સમયમર્યાદામાં રજૂ કરવામાં આવેલ છે કે કેમ ? જો ના, તો તે અંગેનાં કારણો.

(7) નિયમ 15 હેઠળ તબીબી ભથ્થું રોકડમાં મેળવવા તથા તબીબી સારવારના ખર્ચનું રિએમ્બર્સમેન્ટ માટે વિકલ્પ આપેલ છે કે કેમ ?

(8) નિયમ 16 હેઠળ શારીરિક ખોડખાંપણવાળા અપંગ કર્મચારીઓના કિસ્સાઓમાં અપંગપણા માટે અધિકૃત ચિકિત્સકનું પ્રમાણપત્ર મેળવેલ છે કે કેમ ?

(9) નિયમ 15(6) અથવા નિયમ 17(2) હેઠળ વિભાગના સચિવશ્રીને ખાસ કિસ્સામાં મંજૂરી આપવાનું ઉચિત જણાતું હોય તો તે અંગેનાં સ્પષ્ટ કારણો સાથેની ભલામણ, પેન્શનરોના કિસ્સામાં આ નિયમ હેઠળ જો ભલામણ ઉચિત જણાય તો નિયામકશ્રી, હિસાબ અને તિજોરીકચેરીએ ખાસ કિસ્સાની ભલામણનાં સ્પષ્ટ કારણો સાથે અત્રે દરખાસ્ત કરવાની રહેશે.

* * *